ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૨ ટકા

# શહેરમાં ઠેર ઠેર નારંગીના ઢગ ખડકાયા

## વિટામીન-સીથી ભરપુર નારંગી શહેરીજનોની ડિમાન્ડ

ગાંધીનગર, તા.૨૮

ઠંડીની ઋતુમાં ખાસ કરીને શહેરમાં અમુક પ્રકારના શાકભાજી અને ફળો ઓન ડિમાન્ડ રહે છે તેમાં પણ ઓરેન્જ (નારંગી) ખાસ ડિમાન્ડમાં હોય છે. આ વર્ષે શહેરમાં ઠેર ઠેર નારંગીની ૫ કે ૧૦ કિલોની બેગ વેચાઈ રહી છે સાથે સાથે સેકટરોમાં નાના ફળોના વેપારી ૧૦૦ રૂપિયામાં ૨ થી ૩ કિલો એમ નારંગીનું વેચાણ કરી રહ્યા છે. શહેરીજનો પણ શિયાળાની ઋતુમાં મોર્નિંગ જયુસ તરીકે પીવાનું પસંદ કરે છે અને હાલના દિવસોમાં નારંગીની આવક પણ વધુ છે એટલે નારંગી પણ મોંઘી નથી.



વિટામીન સીથી ભરપુર નારંગીમાં આર્યન અને પોટેશિયમ હોય છે. નારંગીના સેવનથી એનર્જી મળી રહે છે. નારંગીનો રસ થાક અને તાણને દૂર કરે છે. નારંગીના રસનો ઉપયોગ એન્ટી એજીંગ ક્રીમ બનાવવા માટે પણ થાય છે. આ ઉપરાંત વિવિધ બ્યુટી પ્રોડકટસમાં નારંગીના રસ અને છાલના પાઉડરનો ઉપયોગ થતો હોય છે અને હાલ કોરોનાને કારણે ઘરેલું નુસ્ખા જ શહેરીજનો અપનાવતા હોવાથી તમામ ફ્રુટની ડિમાન્ડમાં વધારો થયો છે.

શહેરના નારંગીનો વેપાર કરનાર વેપારીઓને પૂછતા તેઓ જણાવે છે કે, ઉપરથી નારંગીનો જથ્થો વધુ આવી રહ્યો છે અને હાલ સિઝન પણ છે સાથે શહેરીજનોની પણ ડિમાન્ડ છે. ૧૦૦ રૂ.ની અઢી કિલો શહેરમાં નારંગીનું વેચાણ કરી રહ્યા છીએ સાથે દસ કિલોની બેગ ૩૫૦ થી ૩૭૫ રૂપિયા સુધીમાં વેચાય છે.



મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં સારવાર લઈ રહેલા દર્દીઓને ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે ગાંધીનગરના પ્રભારી ડૉ. હર્ષદભાઈ પટેલ, મહાનગર ભાજપ પ્રમુખ ઋચિરભાઈ ભટ્ટ, ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, કોર્પોરેટરશ્રીઓ અને પક્ષના આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર સિવિલમાં વેકસીન માટે વિભાગ તૈયાર



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોના વેકસીન માટે એક વિભાગ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં વેઈટીંગ એરીયા, વેકસીનેશન રૂમ અને ઓબ્ઝર્વેશન રૂમ તૈયાર કરાયા છે. સોમવારના રોજ સિવિલના સત્તાધિશોએ આ વિભાગની મુલાકાત લીધી હતી.

# વકીલ પર ઘાતકી હત્યાની ઘટનાને ગુજરાત બાર કાઉન્સિલે વખોડી

ગાંધીનગર, તા.૨૮

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ભરૂચના વકીલ જશુભાઈ જાદવ પર થયેલ ઘાતકી હત્યાની ઘટનાને વખોડી નાંખવામાં આવી છે.

ગુજરાત રાજયમાં દિન પ્રતિદિન વકીલ પર તેમના અસીલોના હિતના રક્ષણ માટે અવારનવાર ગુંડાઓ અને અસામાજીક તત્ત્વો દ્વારા ઘાતકી હુમલા થયા છે. આ રીતે થયેલ હુમલા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સતત ચિંતા વ્યકત કરવામાં આવી છે અને વારંવાર સરકાર સમક્ષ ધારાશાસ્ત્રીઓ તેમજ તેમના કુટુંબીજનોના હિતના રક્ષણ માટે કાયમી ધોરણે ઉકેલ લાવવા માટે રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન કિરિટી એ. બારોટ, વાઈસ ચેરમેન શંકરસિંહ એસ. ગોહિલ અને એકઝીકયુટીવ કમિટીના ચેરમેન ભરત વી. ભગત સાથે તમામ સભ્યો દ્વારા ભરૂચના ધારાશાસ્ત્રી જશુભાઈ જાદવ પર થયેલ ક્રુર ઘાતકી હત્યાની ઘટનાને સખત શબ્દોમાં વખોડી છે અને આ ઘટનામાં સંડોવાયેલ તમામ આરોપીઓને તાકીદે પકડી સખત કાર્યવાહી કરવા તથા આ વારંવાર થતા હુમલાના બનાવને અટકાવવા સંદર્ભે એકવોકેટસ પ્રોટેકશન એકટ બનાવવા સાથે અમલ કરવા માટે કાયદા અને ન્યાયતંત્રના મંત્રી પ્રદિપસિંહ જાડેજાને અપીલ કરવામાં આવી છે.

# કોરોના વોરિયર્સ પોલિસ અધિકારી કર્મચારીઓનું મેયરશ્રીના હસ્તે સન્માન કરાયું

## પરિવારની પણ પરવાહ કર્યા વગર પોલીસ જવાનોએ કોરોના કાળમાં ફરજ બજાવી છે : રીટાબેન પટેલ




ગાંધીનગર, તા.૨૮

વૈશ્વિક મહામારી કોરોના સામેની લડતમાં ગાંધીનગર પોલીસ દ્વારા મહત્વનું યોગદાન આપવામાં આવ્યું છે ત્યારે મેયર રીટાબેન પટેલ દ્વારા જિલ્લા પોલીસ મથક પર પહોંચીને પોલિસ અધિકારી, કર્મચારીઓને પ્રશસ્તિ પત્ર આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ડીવાયએસપી સોલંકી તથા રાણા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મેયરશ્રીએ પોલીસની કામગીરીને બિરદાવતા જણાવ્યું કે કોરોના કાળમાં જાહેર આરોગ્ય સુરક્ષાની જાળવણી માટે પોલીસ જવાનો દ્વારા પરીવારની પણ પરવાહ કર્યા વગર દિવસ રાત ફરજ બજાવવામાં આવી હતી.

મેયરશ્રીએ જણાવ્યું કે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ગરમી, વરસાદ અને ઠંડી જોયા વગર ખંતપૂર્વક બજાવેલી ફરજના કારણે લોકડાઉન પછીના દિવસોમાં ગાંધીનગરમાં દર્દીઓની સંખ્યા એક તબક્કે શુન્ય પર આવી ગઈ હતી પરંતુ અમદાવાદ સાથે સીધા જોડાણના કારણે બીજા તબક્કામાં ગાંધીનગરમાં પણ કેસ વધ્યા હતા. આવી કપરી ફરજ બજાવવા દરમિયાન ઘણા પોલીસ જવાનો પણ સંક્રમિત થવા છતાં સાજા થઈને પરત ફરજ પર હાજર થયા છે. પરિણામએ આવ્યું કે આમ જનતાના મુખે પણ પોલીસની ફરજ પરસ્તીની પ્રશંસા થઈ છે.



રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ૧૩૬મા સ્થાપના દિનની ઉજવણી સેકટર-૨૨ કાર્યાલય ખાતે કરવામાં આવી હતી. ધ્વજવંદન કરી કોંગ્રેસ પક્ષનો તિરંગો લહેરાવવામાં આવ્યો હતો. ગાંધીનગર ખાતે યોજાયેલ કોંગ્રેસ સ્થાપના દિવસની ઉજવણીમાં જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પક્ષના ઈતિહાસની વિગતવાર ચર્ચા કરાઈ હતી સાથોસાથ પક્ષના વિકાસ માટે પણ વિચારવિમર્શ થયો હતો.

# નવા વર્ષે જાન્યુઆરીમાં જ અગિયાર દિવસ બેંકો બંધ રહેશે

ગાંધીનગર, તા. ૨૮

૨૦૨૧ માટે બેંકોની રજાઓ રીઝર્વ બેંકે જાહેર કરી છે. નવા વર્ષમાં પ્રથમ જ માસમાં લગભગ અડધો મહિનો બેંકો બંધ રહેશે. જાન્યુઆરી માસના પ્રથમ ત્રણ દિવસ સળંગ બેંકો બંધ રહેતા ગ્રાહકોને આર્થિક મુશ્કેલીઓ પડી શકે છે.

વર્ષ-૨૦૨૧ માટે રીઝર્વ બેંકે રજાઓનું લીસ્ટ જાહેર કર્યુ છે. શનિવાર અને રવિવારની રજાઓ મળી કુલ ૫૬ દિવસ બેંકો બંધ રહેશે. કેટલાક રાજ્યો માટે તેમના સ્થાનિક તહેવારો મુજબ કેટલીક ખાસ રજાઓ જાહેર કરવામાં આવી છે. આરબીઆઈએ જાહેર કરેલ રજા મુજબ ગ્રાહકો તેમની આર્થિક લેવડદેવડનું પ્લાનીંગ કરે છે. નવા વર્ષે પ્રથમ જ માસમાં ૧૨ દિવસ બેંકો બંધ રહેશે. નવા વર્ષના પ્રથમ ત્રણ દિવસ બેંકોમાં રજા રહેતા ગ્રાહકોને પરેશાની ભોગવવી પડી શકે છે. કર્મચારીઓને છેક ચોથી તારીખ પછી તેમનો પગાર મળી શકે છે.

જાન્યુઆરી માસની રજાઓ જોઈએ તો જાન્યુઆરી ૧, શુક્રવાર - નવા વર્ષનો પહેલો દિવસ, જાન્યુઆરી ૨, શનિવાર - ન્યૂયર હોલિડે, જાન્યુઆરી ૩ રવિવાર, જાન્યુઆરી ૯, બીજો શનિવાર, જાન્યુઆરી ૧૦ રવિવાર, જાન્યુઆરી ૧૧, સોમવાર-મિશનરી ડે, જાન્યુઆરી ૧૪, ગુરૂવાર, ઉત્તરાયણ અને પોંગલ, જાન્યુઆરી ૧૫ શુક્રવાર-તિરવંતપુરમમાં બેંક બંધ, જાન્યુઆરી ૨૩, ચોથો શનિવાર, જાન્યુઆરી ૨૪, રવિવાર અને જાન્યુઆરી ૨૬ મંગળવાર-ગણતંત્ર દિવસની રજા બેંકો પાળશે.

# આજે રામ મંદિર નિર્માણ અભિયાન હેતુસર ગાંધીનગરમાં કાર્યાલયનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૨૮

શ્રીરામ જન્મભૂમિ અયોધ્યા ખાતે ભગવાન રામજીનું ભવ્ય મંદિર આકાર લઈ રહ્યું છે ત્યારે આ ભવ્ય મંદિરના નિર્માણ હેતુ આગામી મકરસંક્રાંતિથી માઘપૂર્ણિમા સુધી સમગ્ર દેશના ૧૧ કરોડ પરિવારોને જોડવાના લક્ષ સાથે વ્યાપક નિધિ સમર્પણ અભિયાન ચાલવાનું છે જે અંતર્ગત આ અભિયાનના સંચાલન હેતુ શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ સમર્પણ સમિતિ દ્વારા ગાંધીનગર ખાતે જિલ્લા કાર્યાલય શરૂ થવા જઈ રહ્યું છે.

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આ કાર્યાલયનું ઉદઘાટન તા. ૨૯ ડિસેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે સે-૭-એ ભારતમાતા મંદિર ખાતે યોજાશે. આ કાર્યક્રમ દરમિયાન કોવિડ-૧૯ અંગેની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરી શહેરીજનોને હાજર રહેવા સંસ્થાના અભિયાન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ અને સહપ્રમુખ કિરણભાઈ પટેલ દ્વારા જણાવાયું છે.

# ‘‘ફિટ ઈન્ડિયા'' અંતર્ગત બીએસએફની ૫ કિમીની સાયક્લોથોન યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

ભારત સરકાર દ્વારા આ વર્ષે ‘‘ફિટ ઈન્ડિયા મુવમેન્ટ''નો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને યોગાનુયોગ આ વર્ષે કોરોના વાયરસે દુનિયાભરમાં કહેર મચાવતા આરોગ્ય સંબંધિત સૌથી મોટી સમસ્યા ઉભી કરી દીધી છે જેની સામે લડવા માટે ‘‘ફિટનેસ'' અસરકારક પરિબળ સાબિત થઈ રહી છે. ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત આજે સવારે ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળ દ્વારા ૫ કિમીની સાયક્લોથોનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૧૫૦ જેટલા સીમા પ્રહરીઓએ ભાગ લીધો હતો.

બીએસએફ દ્વારા આયોજિત સાયક્લોથોન સાથે ૧ કિમીની દોડ-પદયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. સાયક્લોથોન અને દોડ-પદયાત્રાને ગુજરાત ફ્રન્ટિયરના આઈજી જી.એસ. મલિકે લીલી ઝંડી દેખાડીને પ્રસ્થાન કરાવ્યુ હતુ. આ પ્રકારના આયોજનો ગુજરાત સહિત બીએસએફના અન્ય તમામ મુખ્યાલયો ખાતે પણ કરવામાં આવ્યા હતા. ભારત સરકારના યુવા તેમજ ખેલ મંત્રાલય દ્વારા આયોજિત ‘ફિટ ઈન્ડિયા મુવમેન્ટ' અંતર્ગત આ પ્રકારના આયોજનો કરાય છે જે નાગરિકોને ‘‘ફિટ'' અને તંદુરસ્ત રહેવા તરફ પ્રોત્સાહિત કરે છે અને અગાઉ પણ બીએસએફ ગુજરાત દ્વારા સાયકલ રેલી, ફિડમ રન જેવા આયોજનો કરવામાં આવી ચુક્યાં છે.



સેકટર-૩-ન્યુ ગાંધીનગર શિવશકિત મંદિર ચોકમાં વસાહતી બહેનોએ ઉત્તરાયણના પર્વ નિમિત્તે કુતરાઓ માટે લાડુ બનાવીને આજુબાજુના વિસ્તારમાં કુતરાઓને લાડુ વિતરણ કર્યા હતા.

# પ્રકૃતિના જતન માટે શહેરીજનોનું ‘વેસ્ટમાંથી બેસ્ટ'!!



ગાંધીનગરની રનચાથી માંડીને અત્યાર સુધીની ફિતરતમાં ‘પ્રકૃતિ' રહેલી છે અને આ શહેરની ઓળખ પણ ‘પ્રકૃતિ' જ છે. વાત જુદી છે કે શહેરમાં વિકાસ કાર્યોના વેગને પ્રકૃતિને કચડીને જ આગળ વધવાનો માર્ગ દેખાય છે અને આ કમનસીબ પધ્ધતિએ સાધેલો વિકાસ આખરે તો વિનાશ જ સાબિત થવાનો છે પરંતુ તેનું ભાન થશે ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચુકયું હશે. જો કે જેને આ વાતનું ભાન થઈ ગયું હોય તે પ્રકૃતિનું જતન કરવા પોતાનાથી થતો તમામ પ્રયાસ જરૂર કરશે અને તે માટે માત્ર વૃક્ષો વાવીને ઉછેરવાથી કામ પતી જવાનું નથી પરંતુ પર્યાવરણને નુકસાનકારક તમામ ‘વેસ્ટ'નો આડેધડ નિકાલ કરી વધુ પ્રદૂષણ ફેલાવવાને બદલે તેનો ‘બેસ્ટ' ઉપયોગ શોધી કાઢવો પડશે. આ શહેરમાં અનેક પ્રકૃતિ પ્રેમી શહેરીજનો છે જે કોઈ પણ ‘વેસ્ટનો બેસ્ટ' ઉપયોગ કરી કચરો ઓછો પેદા થાય તેનું તો ધ્યાન રાખે છે પરંતુ સાથે સાથે પ્રકૃતિને ખિલવાનો નવો માર્ગ પણ પ્રશસ્ત કરે છે.

# ફેર પ્રાઈઝ શોપ એનર્સ એસોસીએશનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૮

આજરોજ ગાંધીનગર તાલુકા એફ.પી.એસ.એસોસીએશન દ્વારા મીટીંગનું આયોજન તાલુકા પ્રમુખ નરેશભાઈ આર. ખખ્ખરના અધ્યક્ષસ્થાને મુ. વાસણીયા મહાદેવ ગાંધીનગર ખાતે સવારે ૧૧ કલાકે કરવામાં આવ્યું હતું.

જેમાં હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી. આ એસોસીએશનમાં ખખ્ખર નરેશકુમાર-પ્રમુખ, અનિલભાઈ પટેલ અને મહેશભાઈ ડી. પટેલ- ઉપપ્રમુખ, અશ્વિનભાઈ પટેલ-મંત્રી, વાઘેલા કૈલાશબેન અને પરમાર નરેન્દ્રભાઈ-સહમંત્રી તરીકે વરણી પામ્યા છે. કારોબારી સભ્ય તરીકે પરમાર કાંતિજી, પટેલ મહેશભાઈ, રાઠોડ ભરતભાઈ તથા પટેલ ભાઈલાલભાઈની વરણી કરાઈ છે. દંતાણી કલ્પેશભાઈ આઈ.ટી.સેલમાં જયારે સક્રિય સભ્ય તરીકે ઠાકોર સંજયપ્રસાદ, તૃપ્તીબેન વાણીયા, ગોલ રાજેન્દ્રસિંહ, ખખ્ખર કેયુર અને પ્રજાપતિ હિતેશભાઈની વરણી કરવામાં આવી છે.

ઉપરોકત મળેલ મીટીંગમાં દુકાનદારોએ તેમની પડતી મુશ્કેલીઓ બાબતે રજુઆત કરી હતી અને તેમને પડતી મુશ્કેલીઓ અંગે સરકારશ્રીમાં રજુઆત કરવાની પ્રમુખ નરેશભાઈ ખખ્ખર દ્વારા ખાતરી આપવામાં આવી હતી.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. ગીતાબેન અરવિંદભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૦, નવાકોબા, તા. ગાંધીનગર
- સ્વ. વિષ્ણુજી કુતાજી ઠાકોર, ઉ.વ. ૬૫, મહુન્દ્રા, તા.જી. ગાંધીનગર
- રાવળ પદમાબેન પરાગજીભાઈ, ઉ.વ. ૪૯, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. ગીતાબેન અનિલભાઈ સલાટ, ઉ.વ. ૨૫, નંદાસણ, તા. કડી, મહેસાણા

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. કુસુમબેન લાલુભાઈ દવે, ઉ.વ. ૭૬, સરગાસણ, ગાંધીનગર
- સ્વ. રમીલાબેન જશુભાઈ પટેલ, ઉ.વ. ૬૭, કુડાસણ, ગાંધીનગર